ગાંધીનગર સમાચાર

# ઈન્ફો કિડ્સ દ્વારા મધર્સ ડે નિમિત્તે બાળકો માટે ઓનલાઈન ફન એક્ટિવીટી



ગાંધીનગર, તા.૯ ગાંધીનગરમાં શિક્ષણક્ષેત્રે અગ્રેસર એવી ઈન્ફો કિડ્સ પ્રિસ્કૂલ અને ડે-કેર દ્વારા બાળખો માટે વિશેષ અભ્યાસક્રમનું આયોજન કર્યુ છે.

વર્તમાન લોકડાઉનની પરિસ્થિતિને ધ્યાનમાં લઈને બાળકો ઘરની બહાર રમવા માટે પણ જઈ શકતા ન હોય, ઈન્ફો કિડ્સના સીઈઓ શ્રીમતી ઝંકૃતિ રાજ ગગલાણીએ ૩ વર્ષથી ૭ વર્ષના બાળકો માટે ઘર બેઠા મફત શિક્ષણ આપવાનું આયોજન કર્યુ છે.

આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરીને બાળકોને ઘરે જ વિવિધ ફન એક્ટિવીટી, પેરેન્ટીંગ ટીપ્સ ઉપરાંત મેથેમેટિક્સ, લોજીકલ રીઝોનીંગ, કલ્ચર, સાયન્સ, વિષય સંબંધિત શિક્ષણ મફતમાં આપી 'મધર્સ ડે'ના દિવસે વિશેષ ભેટ આપી છે. બાળકોને મોં. ૭૨૧૧૧ ૭૨૪૦૦ પર સંપર્ક કરવા વિનંતી કરી છે.

## 'ઉડ્ડયન' ની વાત, એક ઘા ને કટકા ત્રણ આટલું શીખવું હોય તો ગુજરાતી ભણ




ગાંધીનગર, તા.૯

ઉડી ને હવે તો ગગન ભેદવું છે. એવી વાત સાથે હવે એક નવા ઈ મેગેઝિનની શરૂઆત થઈ છે. મેગેઝીનનું નામ છે ઉડ્ડયન. ગાંધીનગર યુવાન લેખક અને સમાજ સેવક ધ્રુવ પ્રજાપતિએ આ ઈ મેગેઝિનની ગુજરાત સ્થાપના દિવસે શરૂઆત કરી છે. ઉડ્ડયન ઈ મેગેઝીનના પરામર્શક તરીકે તરીકે ગાંધીનગર સાહિત્યસભાના કારોબારી સભ્ય કવિ શ્રી પ્રતાપસિંહ ડાભી 'હાકલ' સેવા કરી રહ્યા છે.

આ પ્રથમ ઈ-મેગેઝિન આમ તો ગુજરાતની ગરિમા શોભાવે એવો અંક બન્યો છે. એમાં ગુજરાતના વિવિધ ક્ષેત્રના વિવિધ શહેરના સર્જકોએ પોતાની રચનાઓ મોકલી છે. ૧૩ કવિતા કે જેમાં ખલીલ ધનતેજવી, ચંદ્રેશ મકવાણા અને પ્રતાપસિંહ ડાભી જેવા સજજ કવિઓની રચના છે. તો નવ ગદ્ય રચનામાં ધર્મેન્દ્ર ત્રિવેદી અને વંદન રાવલ સહિતના સર્જકો છે. સરસ મજાની કવિતાઓ અને લેખના કારણે આ અંક શોભી ઊઠે છે. ગાંધીનગર સાહિત્યસભાના અધ્યક્ષ સંજય થોરાતે આ નવિન ઈ મેગેઝીનને શુભકામનાઓ પાઠવી છે. આવનારા સમયમાં પણ ગુજરાતી સાહિત્યના અવનવા રંગ એમાં જોવા મળશે એવો વિશ્વાસ ધ્રુવ પ્રજાપતિ અને પ્રતાપસિંહ ડાભીએ વ્યક્ત કર્યો છે.

## બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલય ખાતે 'મલ્ટીપલ લિનીઅર રીગ્રેશન યુસીંગ SPSS' વિષય પર વેબિનાર

ગાંધીનગર, તા.૯

ચારુતર વિદ્યામંડળ સંચાલિત બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલય ખાતે ઈન્ટીટ્યૂટ ઓફ એન્જીનીયર્સ (સિવિલ એન્જી,સ્ટુડન્ટ ચેપટર) તથા મેથેમેટિક્સ ડિપાર્ટમેન્ટ ના સંયુક્ત ઉપક્રમે ૮મી મેના રોજ 'મલ્ટીપલ લિનીઅર રીગ્રેશન યુસીંગ SPSS' વિષય પર વેબિનાર યોજાયો. આ વેબિનારમાં એક્સપર્ટ હિરેન કક્કડ (CEO & Co-founder,Stat Modeler) તરીકે ઉપસ્થિત રહ્યા હતા..તેમણે મલ્ટીપલ લિનીઅર રીગ્રેશન ફંડામેન્ટલ્સ, કાર્બન એમિશન ગેસ રીઅલ ટાઈમ એક્ઝામ્પલ, કેસ સ્ટડીઝ, રીઅલ લાઈફ એક્ઝામ્પલ,પ્રેડિક્ટિવ એનાલિસિસ, ઈન્ટરપ્રિટેશન એન્ડ એપ્લિકેશન ઓફ SPSS વિષે રસપ્રદ માહતી આપી હતી.

સંસ્થાના પ્રિન્સિપાલ ડૉ.ઈંદ્રજિત એન. પટેલે જણાવ્યું હતું કે પ્રાયમરી રિસર્ચ ને અનુલક્ષી ને સ્ટેટેસ્ટિકલ એનાલિસિસ માટે SPSS સોફ્ટવેર ઘણું ઉપયોગી છે તથા



વિદ્યાર્થીઓ અને અધ્યાપકો રિસર્ચ ક્ષેત્રે તેનો મહત્તમ ઉપોયગ કરે તેવી શુભેચ્છા વ્યક્ત કરી હતી. ઈન્સ્ટિટ્યૂટ ઓફ એન્જીનીયર્સ (સિવિલ એન્જી, સ્ટુડન્ટ ચેપટર)ના ફેકલટી એડવાઈઝર પ્રો. નેકઝાદ ઉમરીગરે તથા ફેકલ્ટી કોર્ડીનેટર પ્રો. મેહુલ શાહે સૌનો આભાર વ્યક્ત કર્યો હતો.

ઉપરોક્ત વેબિનારમાં ૨૫૧ વિદ્યાર્થીઓ તથા અધ્યાપકો એ ભાગ લીધો હતો તેને સફળ બનાવવા માટે સ્ટુડન્ટ કોર્ડીનેટર મોહિત દોશી તથા ધ્રુવ શાહ એ ઉત્સાહપૂર્વક કામગીરી હાથધરી હતી. આ પ્રસંગે ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષ એન્જીનીયર ભીખુભાઈ પટેલે તથા અન્ય હોદેદારો એ શુભેચ્છા પાઠવી હતી.



કોરોના વધતા સંક્રમણને ધ્યાને રાખી સેકટર-૨૭ ગાયત્રી સોસાયટીના પ્રમુખ પી. ડી. પટેલ, ઉરેન પટેલ, અમરતભાઈ, સંજયભાઈ, વિષ્ણુભાઈ, ભટ્ટજી, સ્મિત પટેલ , બ્રિજેશ અને યુવાનોની ટીમ બનાવી અલગ અલગ સોસીયલ ડિસ્ટનસિંગનું પાલન કરી ઘરે ઘરે ઉકાળા પાવડરનું વિતરણ કર્યુ અને સૂંઠના ઉપયોગનું મહત્ત્વ સમજાવ્યું તથા બહારથી કોઈ મહેમાન સોસાયટીમાં આવ્યુ હોય તો તેની જાણ કરવા અનુરોધ કર્યો તથા સોસાયટીમાં એક પણ ફેરિયાઓને પ્રવેશ ના આપવા માટે જાહેર વિનંતિ કરવામાં આવી. માસ્ક પહેર્યા વગર ઘરની બહાર અગત્યની જરૂરીયાત સિવાય ના નિકળવા જણાવવામાં આવ્યું હતું.

## વૈશાખી પૂર્ણિમાએ મણિનગરમાં શ્રી સ્વામિનારાયણ ભગવાનને ચંદનના મનોરમ્ય શણગાર



વૈશાખી પૂર્ણિમાનો દિવસ ભારતના ધાર્મિક ઈતિહાસમાં અતિ મહત્ત્વનો દિવસ છે. ભારતની આગવી સંસ્કૃતિનો આપણને અવારનવાર અનુભવ થાય છે. આપણે ત્યાં હિંદુ સંસ્કૃતિમાં પૂર્ણિમાનું ખાસ મહત્વ રહેલું છે. તેમાં પણ વૈશાખ મહિનાના શુક્લ પક્ષની પૂર્ણિમાને આસ્થાળુઓ ભક્તિભાવ સાથે ઉજવતા હોય છે. વિવિધ રીતે ભગવાને યાદ કરી, પ્રાર્થના કરી અને પુણ્યનું ભાથું બાંધતા હોય છે. વૈશાખ પુર્ણિમા ખૂબ જ મહત્વપૂર્ણ દિન છે. આ દિવસે દાન અને સખાવતના ઘણા કાર્યો કરવામાં આવે છે. તેને સત્ય વિનાયક પૂર્ણિમા પણ કહેવામાં આવે છે. વૈશાખની પૂનમને બુદ્ધપૂર્ણિમા તરીકે પણ ઉજવવામાં આવે છે. બુદ્ધપૂર્ણિમાના દિવસનું માહાત્મ્ય વિશ્વભરના બૌદ્ધ ધર્મીઓ માટે વિશેષપણે રહેલું છે. બૌદ્ધ ધર્મના અનુયાયીઓ આ દિવસને ખુબ ધાંગલ સાથે ઉજવે છે.

વૈશાખી પૂર્ણિમાએ મણિનગરમાં શ્રી સ્વામિનારાયણ મંદિરે ભગવાનને ચંદનના મનોરમ્ય શણગાર ધરાવવામાં આવ્યા હતા.

ધોમધખતા તાપમાં પણ દર્શનાર્થીઓની દર્શન કરવાની અડગ શ્રદ્ધા વચ્ચે સુખરૂપ દર્શન કરવાનો પરમ સંતોષ સંતો-ભક્તોએ લાઈવ દર્શનથી માણ્યો હતો. મણિનગરમાં શ્રી સ્વામિનારાયણ મંદિરે સ્વામિનારાયણ ગાદીના આચાર્ય શ્રી પુરુષોત્તમપ્રિયદાસજી સ્વામી મહારાજની અનુજ્ઞાથી પૂજનીય પૂજારી સંતો દ્વારા શ્રી સ્વામિનારાયણ ભગવાન - ઘનશ્યામ મહારાજ, શ્રી હરિકૃષ્ણ મહારાજ આદિ મૂર્તિઓને ચંદનના કલાત્મક વાઘાથી મનોરમ્ય સજાવટ કરી ભક્તિ અદા કરી હતી. જેનાં લાઈવ દર્શન ઈન્ટરનેટનાં માધ્યમથી દેશ-વિદેશમાં વસતા સત્સંગી હરિભક્તો તથા અનેક આસ્થાળુઓ અને શ્રદ્ધાળુઓએ લોકડાઉનના સમયે ઘર બેઠાં કર્યાં હતાં.

# મા તે મા બીજા બધા વગડા ના વા...માતૃ દિવસ

**મધર્સ ડે સ્પેશિયલ**

**જિગર બારોટ**

"મા" શબ્દ જ પ્રેમ અને લગણીથી ભરેલો લાગે છે. અસહ્ય પીડા સહન કર્યા પછી બાળક ને જન્મ આપે તે "મા", જે બાળક બોલી શકતુ નથી તેની વાત સમજી જાય તે "મા", પોતાના બાળકની ભૂખ ને વગર કહ્યો સમજી જાય તે "મા", પોતાની ઈચ્છા ત્યજી બાળકની દરેક ઈચ્છા પુરી કરે તે "મા". પોતે દુખ સહન કરી બાળક ને સર્વ સુખ આપે તે "મા".




મધર્સ ડે નો ઈતિહાસ

મધર્સ ડે એન મારિયા રિવ્સ જાર્વિસની યાદમાં દર વર્ષે મે મહિનાના બીજા રવિવારે મનાવવામાં આવે છે. એન જાર્વિસ શાંતિપ્રિય કાર્યકર હતા. તેમણે અમેરિકન સિવિલ વોર દરમિયાન બંને પક્ષના ઘાયલ સૈનિકોની સારસંભાળ રાખી હતી અને જાહેર આરોગ્યના પ્રશ્નોને ધ્યાનમાં લેવા મધર્સ ડે વર્ક કલબ્સ બનાવ્યા હતા. ઈ.સ ૧૯૦૫ માં એન જાર્વિસ ના મૃત્યુ પછી તેમની પુત્રી અન્ના જાર્વિસ પોતાની માતા એ શરૂ કરેલા આ સુંદર કાર્ય ને ચાલુ રાખીને તેમનું સન્માન કરવા માંગતી હતી તથા વિશ્વની સર્વે માતાઓને માન આપવા એક દિવસ નક્કી કરવા માંગતી હતી તેના આ પ્રયાસના ભાગરૂપે અમેરિકાએ મે મહિનાના બીજા રવિવાર ને મધર્સ ડે તરીકે જાહેર કર્યો, જેને વિશ્વના મોટાભાગના દેશોએ અપનાવ્યો.

**મા, માતા, બા, જનની, જનેતા, મમ્મી, આઈ, તાઈ, માઈ, અમ્મા, વાલિદા ... જેવા નામ અનેક પણ કામ એક જ - પ્રેમ, સમર્પણ અને ત્યાગ**

ભારતીય પૌરાણિક કથાઓમાં માતા નુ અનેરૂ મહત્વ છે. માતા તરીકે ભગવાન અથવા ભગવાન તરીકે માતાની ઉપાસના નિરંતર જીવન જીવવાની પરંપરામાં એટલી બધી વહેંચાયેલી છે કે જેથી સાર્વત્રિક દેવત્વનો સાર વ્યક્તિગત માતાના રૂપ તરીકે ઓળખાય છે.

સીતા માતાઃ સીતા માતાએ તેમના બે જોડિયા પુત્રો લવ અને કુશ ને મહેલમાં નહીં પરંતુ જંગલમાં વાલ્મીકિ ઋષિના આશ્રમમાં ઉછેર્યા હતા અને મહાન યોદ્ધાઓ બનાવ્યા હતા.

કૌશલ્યા માતાઃ ભગવાન રામના માતા કૌશલ્યા એ પોતાના પતિ દશરથના વચનને નિભાવવા પુત્ર રામના રાજયાભિષેક ની જગ્યાએ વનવાસ નો સ્વીકાર કર્યો હતો.

હિડંબા માતાઃ પાંડવ પુત્ર ભીમની પત્ની હિડંબાએ જંગલમાં પોતાના પુત્ર ગટોગચ્છ ને ઉછેર્યો અને યોદ્ધા બનાવ્યો હતો.

પાર્વતી માતાઃ પાર્વતી માતાએ ભગવાન ગણેશ ની રચના ગર્ભમાંથી નહીં પરંતુ માટીમાંથી પોતાની શક્તિ અને સર્જનાત્મકતાથી કરી હતી.

યશોદા માતાઃ ભગવાન શ્રી કૃષ્ણ દેવકીના પુત્ર હતા પરંતુ તેમનો ઉછેર માતા યશોદાએ પોતાના પુત્રની જેમ કર્યો હતો.

માતાના પ્રેમ જેવું કશું જ નથી અને પ્રાણીજગત ની માતા પણ તેનો અપવાદ નથી. પ્રાણીઓ પોતાના બાળકોને કેવી રીતે ખોરાક શોધવો અને પોતાને સુરક્ષિત રાખવા તે અસાધારણ અને અનોખી રીતે શીખવાડે છે.

● પોલર બિયરઃ માદા પોલર બિયર સામાન્ય રીતે જોડિયા બચ્ચાઓને જન્મ આપે છે. આ બચ્ચાઓ લગભગ બે વર્ષ સુધી તેને ચીપકીને રહે છે. આ સમય દરમિયાન તેમની માતા તેમને બરફમાં ખોદકામ કરીને સુરક્ષિત રહેવાનું તથા પોતાના દૂધથી અને શરીરના તાપમાનથી જીવવાનું શીખવાડે છે.

● હાથીઃ માદા હાથી બચ્ચાને જન્મ આપ્યા પછી તેને ચાલતાં અને કયા છોડ કેવી રીતે ખાવા તે શીખવે છે. સમૂહમાં આગળ કેવી રીતે વધવુ તેનું માર્ગદર્શન આપે છે.

● ચિત્તોઃ ચિત્તો તેના બચ્ચાઓને એકાંતમાં ઉછેરે છે. લગભગ ૨ થી ૬ બચ્ચાઓના સમૂહને કોઈ શિકારી પ્રાણી ગંધ ના પારખી જાય અને હુમલો ના કરે એટલે દર ૪ દિવસે સ્થળાંતર કરાવે છે. ૧૮ મહિનાની તાલીમ પછી બચ્ચાઓ તેમની માતાને છોડીને જતા રહે છે.

● પેંગ્વિનઃ માદા પેંગ્વિન નર પેંગ્વિન પાસે ઈંડા મૂક્યા પછી ખોરાક ની શોધમા સમુદ્ર સુધી પ્રવાસ ખેડે છે. તે દરમિયાન નર પેંગ્વિન સખત શેલ અને અન્ય તત્વોથી ઈંડાને સુરક્ષિત રાખે છે જ્યારે માદા સમુદ્રમાંથી માછલીઓ લાવીને નવજાત બચ્ચાઓને ખોરાક તરીકે આપે છે. માદા પેંગ્વિન પોતાની ગરમીથી બચ્ચાઓને સુરક્ષિત રાખે છે.

● ગોરીલાઃ ગોરીલાના બચ્ચાઓ લગભગ ૯ મહિના સુધી માતાના શરીરને પકડીને જ રહે છે તે દરમિયાન બચ્ચા ચાલતા તથા હરતા-ફરતા શીખે છે. માદા ગોરીલા બચ્ચાઓ પ્રતિ ખુબ જ રક્ષણાત્મક હોય છે.

● જિરાફઃ માદા જિરાફ ૧૫ મહિનાના ગર્ભાવસ્થા પછી ૧૦૦ થી ૧૫૦ પાઉંડના જિરાફને જન્મ આપે છે. અડધા કલાક કરતાં ઓછા સમયમાં જિરાફ ઊભા થવાનું શરૂ કરે છે. જિરાફ નુ બચ્ચુ ઝડપથી ચાલી શકતું નથી તેથી તેની માતા તેને અન્ય માદા જિરાફ પાસે મૂકી ખોરાક શોધવા જાય છે.

● પક્ષીઓઃ પક્ષીઓ ઈંડાં આપતા પહેલા વૃક્ષની ડાળીઓ પર સુરક્ષિત જગ્યા શોધી તેના ઉપર માળો બનાવે છે અને તે પછી જ ઈંડા આપે છે. ઈંડામાંથી બચ્ચા નીકળ્યા પછી ખોરાક તેમની ચાંચ વડે જ બચ્ચાના મોઢામાં મૂકે છે તથા તેમને ઉડવાની તાલીમ આપે છે.

મા વિશે તો જેટલું લખીએ એટલું ઓછું છે એટલે જ તો કહેવાય છે ને કે લોકોના ઘરે ભગવાન રૂબરૂ પહોંચી શકતા નથી એટલે જ તેમણે પોતાના અંશરૂપ તરીકે માનું સર્જન કર્યુ અને વિશ્વની સર્વોત્તમ ભેટ અર્પણ કરી.

**જનનીની જોડ સખી નહી જડે રે લોલ... કવિ બોટાદકર**

**એક અનોખી માતા – "યશોદા હ્યુમન મિલ્ક બેંક"**

**ભારત દેશમા અકાળે જન્મેલા, ઓછા વજનવાળા, બિમાર તથા ત્યજાયેલા શિશુઓને માતાનું દૂધ મળી રહે તે હેતુથી ડી પી યુ હોસ્પિટલ એન્ડ રિસર્ચ સેન્ટર, પુણે માં યશોદા હ્યુમન મિલ્ક બેન્કની સ્થાપના ઈ.સ. ૨૦૧૩ માં કરવામાં આવી હતી. તે સમયથી લઈને અત્યાર સુધીમાં આ સંસ્થામાં ૯૫૦૦ કરતાં વધુ માતાઓના સ્વૈચ્છિક દૂધના દાન દ્વારા ૧૩૬૩૦ થી વધુ શિશુઓને લાભ મળેલ છે. આ સંસ્થા દ્વારા માતાઓના દૂધનો સંગ્રહ અને વિતરણ વિનામૂલ્યે કરવામાં આવે છે.**

## ડાયરેક્ટ ❤ સે

કમાણી પર્યાપ્ત ન હોય ત્યારે ખર્ચામાં લિમીટ રાખવી, અને જાણકારી પર્યાપ્ત ન હોય ત્યારે ચર્ચામાં લિમીટ રાખવી...

## જન્મદિને વધામણી



પ્રભુદાસ એસ રત્નોત્તર
મો. ૯૮૯૮૯ ૮૦૫૯૬



ડો. વલ્લરી વંકાણી
મો. ૯૪૨૬૩ ૯૬૦૨૨



શાન્વી ચિંતન ઠક્કર
મો. ૯૮૯૮૧ ૨૭૦૦૦



કલ્પનાબેન પંડ્યા



ડિમ્પલ દેસાઈ



ઠાકોર મુકેશજી જીવણજી
રેડક્રોસ, માણસા



ઠાકોર ગીતાબેન મુકેશજી
રેડક્રોસ, માણસા



અશોકભાઈ પરમાર
ટ્રસ્ટી, સૌરાષ્ટ્ર-કચ્છ સમાજ